જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – મોરબી

# લાઈફસ્કીલ મેળો

## વર્ષ: ૨૦૨૪–૨૦૨૫

# જિલ્લા કક્ષા અહેવાલ


**સંકલન**

દિપાલીબેન જે. વડગામા
લેક્ચરર (WE)
તથા
ડૉ. ઝંખનાબેન ભટ્ટી
લેક્ચરર (WE)
ડાયેટ મોરબી

**માર્ગદર્શક**

ડૉ. સંજયભાઈ એન. મહેતા
પ્રાચાર્યશ્રી,
ડાયેટ રાજકોટ





હંટર ટ્રેનિંગ કોલેજ હોસ્ટેલ બિલ્ડિંગ, શક્તિ ચોક મોરબી
Email : dietmorbi@gmail.com

# શુભેચ્છા સંદેશ

સારસ્વત મિત્રો...

પ્રાથમિક શિક્ષણમાં આનંદદાયી, કૌશલ્ય વર્ધક અને પ્રવૃત્તિલક્ષી અભિગમ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. બાળકમાં રહેલી સર્જક પ્રતિભા વિકસે, બાળકની સુષુપ્ત શક્તિઓને બહિર્ગત કરી તેનામાં જીવનકૌશલ્યનો વિકાસ થાય તે માટે બાળમેળા અને જીવનકૌશલ્ય મેળાની પ્રવૃત્તિ ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ અને જીસીઈઆરટી - ગાંધીનગરની પ્રેરણાથી થઈ રહી છે. RTE એક્ટ પ્રાથમિક શાળાના તમામ બાળકોને ગુણવત્તા સભર શિક્ષણનો અધિકાર આપે છે. NCF 2005 માં બાળકમાં રહેલી સર્જક પ્રતિભાને ખીલવનારા શિક્ષણકાર્યની હિમાયત કરી છે, ત્યારે બાળમેળા અને જીવન કૌશલ્યમેળા અંતર્ગત થતી તમામ પ્રવૃત્તિઓ આ દિશા તરફ ઉમદા કાર્ય કરી રહેલ છે.

બાળકોની સર્જનશીલતા અને વિશિષ્ટ પ્રતિભાને વિકસાવનારા આ બાળમેળાઓ અંતર્ગત નિમ્ન પ્રાથમિક કક્ષાના બાળકો માટીકામ, છાપકામ, ચિત્રકામ, રંગપૂરણી, ગડીકામ, ગીત-સંગીત અને અભિનય, બાળરમતો, બાળનાટક, ચિટકકામ, જાદુનગરી, વેશભૂષા, કાર્ટૂન ફિલ્મ અને હાસ્યદરબાર જેવી ગમ્મત દ્વારા જ્ઞાન આપતી અવનવી પ્રવૃત્તિઓ કરે છે. ઉચ્ચ પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓ લાઈફસ્કીલ મેળા અંતર્ગત સર્જનાત્મકતા, ચાલો શીખીએ, સ્વજાગૃત્તિ, સ્વચ્છતા અને સુશોભન, હળવાશની પળોમાં, પર્યાવરણને જાણો, માણો અને જાળવો, વાંચન - લેખન અને અવલોકન, સામાન્યજ્ઞાન અને સમસ્યા ઉકેલ, સમૂહજીવન અને બાળપ્રદર્શન વગેરે વિભાગોને આવરી લેતી જીવનના કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓ કરે છે.

રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં બાળમેળા અને લાઈફ સ્કીલ મેળાની પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક સંપન્ન કરવા માટે જીસીઈઆરટી - ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ તમામ ડાયટને સંલગ્ન WE શાખાના વ્યાખ્યાતાશ્રીઓએ બાળમેળા અને લાઈફસ્કીલ મેળા પૂર્વે માર્ગદર્શક તાલીમો આપી, શાળા કક્ષાએ બાળમેળા અને લાઈફસ્કીલ મેળાના અમલીકરણ માટે ઉત્તમ વાતાવરણ નિર્માણ કર્યું છે. જેના પરિણામ સ્વરૂપ બાળમેળા અને લાઈફસ્કીલ મેળા દરમિયાન શાળા કક્ષાએ થયેલ પ્રવૃત્તિઓનું સુંદર દસ્તાવેજીકરણ કરી આ જિલ્લા કક્ષાનો અહેવાલ રજૂ કર્યો છે. જે બદલ તેઓને હાર્દિક અભિનંદન પાઠવું છું. સમગ્ર રાજ્યની પ્રાથમિક શાળાઓ માટે આ અહેવાલ અવશ્ય ઉપયોગી બની રહેશે તેવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે............

ડૉ . સંજયભાઇ મહેતા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| 1 | શુભેચ્છા સંદેશ | 2 |
| 2 | સંકલનકર્તા | 4 |
| 3 | લાઈફસ્કીલ બાળમેળા –પ્રસ્તાવના | 5 |
| 4 | લાઈફસ્કીલ બાળમેળાની સંકલ્પના | 6 |
| 5 | લાઈફસ્કીલ બાળમેળાના હેતુઓ | 7 |
| 6 | લાઈફસ્કીલ બાળમેળાના વિભાગો | 8 |
| 7 | લાઈફસ્કીલ બાળમેળાનું આયોજન | 9 |
| 8 | જીવન કૌશલ્ય આધારિત મેળો<br>(ધોરણ ૬ થી ૮ ની પ્રવૃત્તિઓ) | 10 |
| 9 | લાઈફસ્કીલ બાળમેળા મૂલ્યાંકન | 46 |
| 10 | પરિશિષ્ટ, પરિપત્રો | 51 |

# સંકલન કરનાર

| ક્રમ | સંકલન કર્તા | શાળાનું નામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | કલ્પેશકુમાર મહાદેવભાઇ ધોરી | શ્રી ભુતકોટડા પ્રાથમિક શાળા | ટંકારા |
| ૨ | રોહિતકુમાર રતિલાલ પેઢડિયા | સી.આર.સી.ધુડકોટ | મોરબી |
| ૩ | ભાવનાબેન મહાસુખરાય ટંકારીયા | શ્રી ભલગામ પ્રાથમિક શાળા | વાંકાનેર |
| ૪ | પંકજ જાદવજી ઠોરિયા | શ્રી ગોર ખીજડીયા પ્રાથમિક શાળા | મોરબી |
| ૫ | હિમાંશુ જગદીશભાઈ વ્યાસ | શ્રી નવાધમલપર ૧ પ્રાથમિક શાળા | વાંકાનેર |

# લાઈફસ્કીલ બાળમેળો

## પ્રસ્તાવના

બાળકના શારીરિક અને માનસિક વિકાસનું જેટલું મહત્વ છે તેનાથી વિશેષ મહત્વ છે, તેના જીવનના વિકાસનું. જીવન કૌશલ્યો જીવનના વિકાસની કેળવણી માટેના ઉત્તમ માધ્યમો છે. બાળકમાં રહેલી શક્તિઓને પારખવાનું અને તેના દ્વારા તેના જીવનના ઉત્તમ વિકાસ માટે પૂરતી તક પૂરી પડવાનું ઉત્તમ સ્થાન એટલે જીવન કૌશલ્ય આધારિત બાળમેળો.

જીવન કૌશલ્યો એટલે એવા કૌશલ્યો કે બાળકમાં રહેલી શક્તિઓ, આવડતો કે જે બાળકને રોજીંદા જીવનના પડકારોને હકારાત્મકતાથી જીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતોને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવે છે.

ઉચ્ચ પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓ જીવન કૌશલ્ય આધારિત બાળમેળા અંતર્ગત વિવિધ આઠ વિભાગો પૈકી સર્જનાત્મકતા, ચાલો શીખીએ, સ્વજાગૃતિ, સ્વચ્છતા અને સુશોભન, હળવાશની પળોમાં, પર્યાવરણને જાણો, માણો અને જાળવો, વાચન, લેખન અને અવલોકન, સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલ, સમૂહ જીવન અને બાળપ્રદર્શન વગેરેની અનેક પ્રવૃત્તિઓ કરે છે અને જીવનના કૌશલ્યો વિકસાવે છે.

બાળકોને જીવન કૌશલ્ય આધારિત બાળમેળાની પ્રવૃતિઓ પોતાની જાતે કરતા જોઈ ચોક્કસ કહી શકાય કે બાળકોને આ પ્રવૃતિઓથી કંઈક નવું કર્યાનો આનંદ મળે છે. આજના સ્પર્ધાત્મક યુગમાં આપણી સરકારી પ્રાથમિક શાળામાંથી અભ્યાસ કરીને જતો દરેક બાળક ભવિષ્યમાં વિવિધ જીવન કૌશલ્યોની સૂઝ ધરાવતો એક સારો નાગરિક બનશે તેમાં કોઈ બે મત નથી.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ અમલીકૃત બનતા ગુણવત્તા સભર શિક્ષણનો હક આપણા દેશના તમામ બાળકોને મળ્યો છે. NCF - 2005માં બાળકમાં રહેલી સર્જનાત્મક પ્રતિભાને વિકસાવવા પર ભાર મુક્યો છે. તેથી ગુજરાતના પ્રાથમિક શિક્ષણમાં કૌશલ્ય વર્ધક અને પ્રવૃત્તિલક્ષી આનંદદાયી અભિગમ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. બાળકમાં સર્જનાત્મક પ્રતિભા વિકસે, બાળકની સુષુપ્ત શક્તિઓને બહિર્ગત કરી તેનામાં જીવન કૌશલ્યોનો વિકાસ થાય તે માટે જીસીઈઆરટી - ગાંધીનગરની પ્રેરણાથી રાજ્યના તમામ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં જીવન કૌશલ્ય આધારિત બાળમેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિચાર કરીએ.........

વિકાસ કરીએ..........

કૌશલ્યો ઓળખી......

બાળકને કંચન કરીએ.....

# લાઈફસ્કીલ બાળમેળા (જીવન કૌશલ્ય આધારિત બાળમેળા)ની સંકલ્પના

ભાર વિનાનું ભણતર, લઘુતમ અધ્યયન કક્ષા, સ્કુલ ટ્વીનીંગ પ્રોગ્રામ, બાળવૃંદ, ઇકોક્લબ વગેરે જેવા નાવિન્યપૂર્ણ અભિગમ પૈકી ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગની પ્રેરણા નીચે કાર્યરત ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર માર્ગદર્શિત તમામ પ્રાથમિક શાળાઓમાં ૨૦૦૩થી ધોરણ ૧ થી ૫ માં બાળમેળાનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત છેલ્લા પાંચ વર્ષથી ધોરણ ૬ થી ૮ માં લાઈફસ્કીલ બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

બાળમેળો એટલે સર્જન અને સર્જન એટલે જ....

- સંખ્યાબંધ વૈવિધ્ય અને મૌલિક પ્રતિચારો નિપજાવતી વિચારણા માટેની શક્તિઓનો સમૂહ.
- ઉપયોગી સુસંગત, સુચારુ અને મૂલ્યવાન પ્રક્રિયા.
- આંતરિક વર્તનો અને અનુભૂતિનું દર્પણ.

  ટૂંકમાં લાઈફસ્કીલ બાળમેળો એટલે બાળકોની સર્જનાત્મક શક્તિનું ખુલ્લું અને મુક્તપ્રદર્શન જેનો મુખ્ય ઉદ્દેશ છે.
- સર્જનાત્મક શક્તિનું નિર્માણ.
- બાળકોને ગમતા અધ્યયન અનુભવોને પોષક અને બળવતર બનાવવા.

જીવન કૌશલ્યો દ્વારા બાળકમાં રહેલી શક્તિઓ અને આવડતો પારખવાનું અને તેના દ્વારા જીવનમાં આવતા પડકારોને કુશળતાપૂર્વક ઉકેલી જીવનના ઉત્તમ વિકાસ માટે પૂરતી તક પૂરી પાડવાનું ઉત્તમ સ્થાન એટલે જ જીવન કૌશલ્ય આધારિત બાળમેળો (લાઈફસ્કીલ બાળમેળો), ધોરણ ૬ થી ૮ માં યોજાતા લાઈફસ્કીલ બાળમેળા એટલે બાળકોને બાળમેળાના આનંદ અને ઉલ્લાસમય વાતાવરણમાં જીવનના પાયાના કૌશલ્યોનું ઉત્તમ જ્ઞાન આપવાનું અને બાળકમાં રહેલા સર્જકને પિછાણવાનું શ્રેષ્ઠ માધ્યમ.

## લાઈફસ્કીલ બાળમેળાના હેતુઓ

- બાળકો જીવન કૌશલ્યથી સ્વાવલંબી બનતા શીખે.
- બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિ ઉજાગર થાય.
- બાળકોની ક્રિયાશીલતા પોષાય.
- બાળકો વિવિધ આનંદદાયી પ્રવૃતિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
- બાળકોની જિજ્ઞાસા સંતોષાય.
- બાળકોમાં સમૂહભાવના અને હકારાત્મકતા વિકસે.
- બાળકમાં સંગ્રહવૃત્તિ કેળવાય.
- બાળકોને અમૂર્ત ચિંતનની તક મળે.
- બાળકો જીવન જીવવાની વિવિધ કલાઓ શીખે. અભિવ્યકિત, કલ્પનાશકિત, અવલોકનશક્તિ, તર્ક શક્તિ, વકતૃત્વશક્તિ, નિર્ણયશક્તિ, સંગ્રહશક્તિ અને સર્જનશક્તિ કેળવાય,
- વિજ્ઞાન વિષય પ્રત્યે રૂચિ કેળવાય. વિજ્ઞાનના તથ્યો જાણે અને અંધશ્રદ્ધાથી દૂર રહે, તેને સમાજમાંથી દૂર કરી આધુનિકીકરણથી વાકેફ થાય.
- બાળક જીવનની કોઇપણ સમસ્યાનો દ્રઢતાથી સામનો કરી વ્યવહારુ ઉકેલ લાવે.
- લઘુતાગ્રંથી દૂર થાય અને આત્મવિશ્વાસ વધે.
- બાળક પર્યાવરણીય મૂલ્યોનું જતન કરતો થાય.
- બાળક જીવનમાં શ્રમનું મહત્વ સમજે અને આત્મનિર્ભર બને,
- બાળક સ્વમૂલ્યાંકન કરતા શીખે.
- જાતે વિચારે, સમજે, કાર્ય કરે અને તેને રોજીંદા જીવન સાથે સાંકળે.
- બાળકોમાં ધીરજ, એકાગ્રતા, શિસ્ત, નિયમપાલન, સહિષ્ણુતા, ખેલદિલી જેવા ગુણોનો વિકાસ થાય.
- ગાણિતિક સંકલ્પનાઓ સમજે અને ભૂલો દ્વારા સ્વ-અધ્યયનનું કૌશલ્ય કેળવે.
- બાળકો પોતાનું નાનું મોટું કાર્ય જાતે કરતા શીખે.
- બાળકો પોતાના સ્નાયુઓ પર કાબુ કેળવે અને સ્વસ્થ જીવન જીવતા થાય.
- બાળકો સારી અને નરસી બાબતો વચ્ચેનો ભેદ પારખે.
- બાળકો પુસ્તકો સાથેની પ્રીતિ વધારે.
- બાળકો ગમ્મત સાથે જ્ઞાન અને અનુભવ મેળવે તેથી જ્ઞાન ચિરસ્થાયી બને.
- બાળકોમાં તંદુરસ્ત લોકશાહીનું નિર્માણ થાય.

# લાઈફસ્કીલ બાળમેળાના વિભાગો

1) સર્જનાત્મકતા પ્રવૃત્તિઓ
2) ચાલો શીખીએ
3) સામાન્યજ્ઞાન અને સમસ્યા ઉકેલ
4) પર્યાવરણને જાણો, માણો અને જાળવો
5) વાંચન, લેખન અને અવલોકન
6) હળવાશની પળોમાં
7) સ્વજાગૃતિ, સ્વચ્છતા અને સુશોભન
8) બાલ પ્રદર્શન

# લાઈફસ્કીલ બાળમેળાનું આયોજન

પ્રાથમિક શિક્ષણની મૂળભૂત પાયાની વાત એટલે બાળકો જીવનલક્ષી કેળવણી આપવી. કંઇક આવા જ ખ્યાલ સાથે ધોરણ ૬ થી ૮ ના બાળકો માટે લાઈફસ્કીલ બાળમેળાનું આયોજન થાય છે. લાઈફસ્કીલ બાળમેળામાં શાળાના બાળકો સભાનતાપૂર્વકના કૌશલ્ય વિકાસની જુદી-જુદી પ્રવૃત્તિઓ સ્વરૂપે રોજબરોજની શિક્ષણ અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ દ્વારા જીવનની કળા હસ્તગત કરે અને તે દ્વારા તે પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધી સમાજને ઉન્નતિ તરફ દોરી જાય તેવા પ્રયાસો આ લાઈફસ્કીલ બાળમેળા દ્વારા કરવામાં આવે એ હેતુથી તેનું સુચારુ આયોજન અને યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે તે લાઈફસ્કીલ બાળમેળાની સફળતા માટે જરૂરી છે.

- સૌ પ્રથમ શાળાના આચાર્યએ શિક્ષક મિત્રો સાથે મળીને લાઈફસ્કીલ બાળ મેળાના નવા અભિગમની સમજૂતી મેળવવી.
- સ્થાનિક પર્યાવરણ અને જરૂરિયાતને અનુરૂપ અને માહિતીદર્શક કૌશલ્યને ધ્યાનમાં રાખીને લાઈફસ્કીલ બાળમેળાની જુદી-જુદી પ્રવૃત્તિની યાદી તૈયાર કરવી.
- લાઈફસ્કીલ બાળમેળાની વિવિધ પ્રવૃત્તિની યાદીને અનુરૂપ જુદી-જુદી પ્રવૃત્તિના વિભાગોનું આયોજન કરવું.
- શાળાની ભૌતિક રચના મુજબ મેદાન અને વર્ગખંડમાં લાઈફસ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ માટે યોગ્ય જગ્યા ફાળવવી.
- શાળાના શિક્ષકોને તેમના રસ/રુચિ મુજબના વિભાગ/ખંડમાં સંચાલન અને માર્ગદર્શન માટે કાર્ય સોંપણી કરવી.
- લાઈફસ્કીલ બાળમેળા પ્રવૃત્તિઓ માટેની યાદી મુજબ પૂર્વતૈયારી રૂપે જરૂરી કાચી સામગ્રીની યાદી તૈયાર કરી જે-તે વિભાગ ખંડને લાઈફસ્કીલ બાળમેળા શરૂ કર્યા પહેલા સાધન-સામગ્રી પહોંચતી કરવી.
- જે તે વિભાગની પ્રવૃત્તિ માટે શિક્ષકોએ ઉત્સાહી બાળકોની મદદ લેવી.
- શાળાના દરેક બાળકો લાઈફસ્કીલ બાળમેળાની જુદી-જુદી પ્રવૃત્તિઓના પ્રત્યેક વિભાગોની પ્રવૃત્તિઓમાંથી ક્રમશઃ પસાર થાય,એ માટે ધોરણવાર અને બાળકોની સંખ્યા મુજબ ટુકડીઓ બનાવવી.
- લાઈફસ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ માટેની સાધનસામગ્રી પાછળ ઓછામાં ઓછો ખર્ચ થાય, એ રીતે બાળકોના સહયોગથી અને લોક સહયોગથી આયોજન કરવું.
- ધોરણ ૬ થી ૮ના લાઈફસ્કીલ બાળમેળા માટેની અન્ય સ્થાનિક પર્યાવરણ અને જરૂરિયાત મુજબની પ્રવૃત્તિમાં બાળકની વયકક્ષા મુજબની પ્રવૃત્તિની પસંદગી કરવી.(અહિં જીસીઈઆરટી – ગાંધીનગર અને જિલ્લાના ડાયેટ દ્વારા માર્ગદર્શિત પ્રવૃત્તિઓને પ્રથમ મહત્વ આપવું.)
- કોઇપણ પ્રકારના જોખમથી દૂર રહેવું.

# જીવન કૌશલ્ય આધારિત મેળો
# (ધોરણ ૬ થી ૮ ની પ્રવૃત્તિઓ)

## વિભાગ – ૧: સર્જનાત્મક પ્રવૃતિઓ

**પ્રવૃત્તિ:**

1) કાગળમાંથી વિવિધ નમુનાઓ બનાવવા.
2) બિનઉપયોગી નિમંત્રણ પત્રિકાઓ, કંકોત્રીઓ, ગ્રીટિંગકાર્ડસ વગેરે માંથી વિવિધ ડિઝાઇન બનાવવી.
3) માટીમાંથી ધોરણ ૬ થી ૮ ને લગતા રમકડાં બનાવવા.
4) રંગોળી પુરાવી.
5) વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિ.
6) વિદ્યાર્થીનીઓને મહેંદી મુકવી.

**હેતુ:**

1) વિદ્યાર્થીઓ કાગળમાંથી વિવિધ નમૂનાઓ બનાવે.
2) વિદ્યાર્થીઓ બિનઉપયોગી નિમંત્રણ પત્રિકાઓ, કંકોત્રીઓ, ગ્રીટિંગકાર્ડસ વગેરેમાંથી વિવિધ ડિઝાઇનનો બનાવે.
3) વિદ્યાર્થીઓ માટીમાંથી ધોરણ 6 થી 8ને લગતાં રમકડાં બનાવે.
4) વિદ્યાર્થીઓ રંગપુરણી કરે.
5) વિદ્યાર્થીઓ વેસ્ટ માંથી બેસ્ટ પ્રવૃત્તિ કરે.
6) વિદ્યાર્થીઓ લાકડાનાં વહેરમાંથી રંગોળી બનાવે.
7) વિદ્યાર્થીઓમાં આત્મનિર્ભરતાનો ગુણ વિકસે.
8) વિદ્યાર્થીઓમાં સંઘભાવના વિકસે.
9) વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા, ચોકસાઈ અને તર્કશક્તિ વિકસે.
10) વિદ્યાર્થીઓમાં કલ્પના શક્તિ વિકસે.
11) વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વિકસે.
12) વિદ્યાર્થીઓમાં હકારાત્મક વલણ કેળવાય.
13) વિદ્યાર્થીઓમાં હસ્ત કૌશલ્ય વિકસે.
14) વિદ્યાર્થીઓમાં નેતૃત્વનો ગુણ વિકસે.
15) વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, જિજ્ઞાસાવૃતિ અને સામુહીક ભાવના વિકસે.
16) વિદ્યાર્થીઓમાં મહેંદી મૂકવાની કળા શીખે.

**સાધન સામગ્રી :**

- ચાર્ટ પેપર
- સ્કેચ પેન
- કાગળ
- ફેવિકોલ
- કાતર
- માપપટ્ટી
- બીનઉપયોગી નિમંત્રણ પત્રિકાઓ
- કંકોત્રીઓ
- ગ્રીટિંગકાર્ડસ
- વિવિધ પ્રકારના ફૂલો
- માટી
- લાકડાનો વ્હેર
- વિવિધ કલરની ચિરોડી
- વિવિધ ફૂલોની પાંદડીઓ
- મહેંદીના કોન
- મહેંદીની ડીઝાઈન માટે પુસ્તિકાઓ

**કાર્યપદ્ધતિ :**

**૧.કાગળમાંથી વિવિધ નમુના બના બનાવવા :**

કાગળમાંથી ગડીકામ દ્વારા ટોપી, ચકલી, પોપટ, ફરકડી, હોડી, સ્ટીમર, કેમેરો, પ્લેન અને રોકેટ જેવા યોગ્ય આકારના કાગળના નમુના બનાવ્યા.
ઉ.દા.– કાગળમાંથી બાળમેળામાં બાળકો માટે ટોપીઓ બનાવી.

**૨. બિનઉપયોગી નિમંત્રણ પત્રિકાઓ, કંકોત્રીઓ, ગ્રીટિંગકાર્ડસ વગેરેમાંથી વિવિધ ડિઝાઈન બનાવવી :**

સૌ પ્રથમ બિનઉપયોગી નિમંત્રણ પત્રિકાઓ, કંકોત્રીઓ અન ગ્રીટિંગકાર્ડસ લઇ તેમાંથી સારા ફોટોગ્રાફસ કટિંગ કરી અલગ-અલગ ડિઝાઇન બનાવી.
ઉ.દા. – વિવિધ ડીઝાઈનવાળા તોરણ બનાવ્યા.

**૩.માટીમાંથી ધોરણ ૬ થી ૮ ને લગતા રમકડાં બનાવવા :**

વિદ્યાર્થીઓ માટીને પલાળી તેમાંથી ધોરણ ૬ થી ૮ ગણિત વિષયવસ્તુ પર આધારિત ભૌમિતિક આકારોનું નિર્માણ કર્યું. વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયવસ્તુ પર આધારિત વૈજ્ઞાનિક રમકડાં બનાવ્યા.

### ૪. રંગોળી પુરાવી :

વિદ્યાર્થીઓએ વિવિધ ફૂલો, પાંદડીઓ, ઇંટોનો ભૂકો, ચિરોડી કલર, અનાજ – કઠોળ વગેરે એકત્ર કરી તેમાંથી વિવિધ આકર્ષક રંગોળીનું નિર્માણ કર્યું.
ઉ.દા. – વિદ્યાર્થીઓએ ફ્રીહેન્ડ કળશ, ગણેશ, મોર વગેરે આકૃતિની રંગોળી પૂરી.

### ૫.વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિ :

વિદ્યાર્થીઓએ શાળામાં, વર્ગખંડમાં અને શાળા કેમ્પસમાં પડેલી નકામી ચીજવસ્તુઓ એકત્ર કરી, તેમાંથી ઉપયોગી ચીજવસ્તુઓનું સર્જન કર્યું. તેનો શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અને સુશોભનમાં વિનીયોગ કર્યો.
ઉ.દા.– કાચની તૂટેલી બંગડીમાંથી વોલપીસ, નકામી CDના ગણેશ, નાળિયેરની કાચલીના પેન સ્ટેન્ડ વગેરે.

### ૬.વિદ્યાર્થીનીઓને મહેંદીની ડિઝાઇન મૂકી આપવી :

મહેંદીના કોનમાંથી બહેનોએ એકબીજાને વિવિધ ડિઝાઇન સાથે હાથ પર મહેંદી પાડી અને મહેંદી મૂકવાનું કૌશલ્ય વિકસાવ્યું.

### ફલશ્રુતિ :

1) વિદ્યાર્થીઓ કાગળમાંથી વિવિધ નમુના બનાવતાં શીખ્યા.
2) વિદ્યાર્થીઓએ બિનઉપયોગી નિમંત્રણ પત્રિકાઓ/કંકોત્રીઓ અને ગ્રીટિંગકાર્ડસમાંથી વિવિધ ડિઝાઇન બનાવી.
3) વિદ્યાર્થીઓ ફૂલો તથા વિવિધ ડાળીઓમાંથી તોરણ, હાર અને બુકે તૈયાર કરતા શીખ્યા.
4) વિદ્યાર્થીઓ રંગપુરણી કરતા થયા.
5) વિદ્યાર્થીઓ વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિ કરતા થયાં.
6) વિદ્યાર્થીઓમાં સંઘભાવનાનો વિકાસ થયો.
7) વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા,ચોકસાઈ અને તર્કશક્તિ વિકસાવી શકાય.
8) વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિનો વિકાસ થયો.
9) વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થયો.
10) વિદ્યાર્થીઓમાં હકારાત્મક વલણ કેળવી શક્યા.
11) વિદ્યાર્થીઓમાં હસ્ત કૌશલ્યનો વિકાસ થયો.
12) વિદ્યાર્થીઓમાં નેતૃત્વનો ગુણ વિકસ્યો.
13) વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, જિજ્ઞાસાવૃત્તિ અને સામુહિક ભાવનાનો વિકાસ થયો.
14) વિદ્યાર્થીઓએ મહેંદી મૂકવાની કળા શીખી.

# વિભાગ –૨: ચાલો શીખીએ

## પ્રવૃત્તિ :

1) વીજળીનાં ફ્યુઝ બાંધવા.
2) ગેસના સીલીન્ડર જોડવા.
3) ગાજ–બટન ટાંકવા.
4) સાયકલની મરામત કરાવી.
5) કપડાને ઈસ્ત્રી કરાવી.
6) ખીલી–સ્ક્રુ લગાડવા.
7) બલ્બ લગાડવા, ટ્યુબલાઈટ લગાડવી.
8) બાગાયત કામ,
9) પ્રેશરકુકર અને મિક્સર મશીનનો ઉપયોગ કરતાં શીખવવું.
10) કડિયાકામ/ચણતરકામ કરવું.

## હેતુ :

1) વિદ્યાર્થીઓ ફ્યૂઝ બાંધવાની પ્રક્રિયા શીખે.
2) વિદ્યાર્થીઓ ફ્યુઝ બાંધતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોથી માહિતગાર થાય.
3) વિદ્યાર્થીઓ ગેસ સિલિન્ડર જોડતાં શીખે.
4) વિદ્યાર્થીઓ ગેસ સિલિન્ડર જોડવાની પ્રક્રિયામાં રાખવાની સાવધાનીથી અવગત થાય.
5) વિદ્યાર્થીઓ પોતાના વસ્ત્રોમાં ગાજ-બટન કરતાં શીખે.
6) વિદ્યાર્થીઓ સાયકલની મરામત કરતાં અને ટાયર-પંચર બનાવતા શીખે.
7) વિદ્યાર્થીઓ પોતાના વસ્ત્રોને ઇસ્ત્રી કરતાં શીખે.
8) વિદ્યાર્થીઓ ખીલી અને સ્ક્રૂ લગાડવાનું કૌશલ્ય કેળવે.
9) વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના ઉપકરણો જેવા કે મોટર, ગીઝર વગેરેનો ઉપયોગ કરતાં શીખે.
10) વિદ્યાર્થીઓ બલ્બ-ટયૂબ લગાવતા શીખે.
11) વિદ્યાર્થીઓ બાગાયત કૌશલ્ય કેળવે.
12) વિદ્યાર્થીઓ પ્રેશરકુકર અને મિક્સરમશીનનો ઉપયોગ કરતા શીખે.
13) વિદ્યાર્થીઓ પ્રેશરકુકર અને મિક્સરમશીનનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોથી અવગત થાય.
14) વિદ્યાર્થીઓ પોતાની જરૂરિયાતોનું નાનું મોટું કાર્ય જાતે કરતાં શીખે.
15) વિદ્યાર્થીઓ વિષયવસ્તુ દ્વારા મેળવેલ જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરે.
16) વિદ્યાર્થીઓ આત્મનિર્ભર બની શકે.
17) વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં શ્રમનું મહત્વ સમજે.
18) વિદ્યાર્થીઓમાં વ્યવહારિક કાર્યસૂઝ વિકસે.
19) વિદ્યાર્થીઓમાં જીવન ઉપયોગી કૌશલ્યનો વિકાસ થાય.

## સાધનસામગ્રી :

- જૂના ફ્યુઝ
- તાંબાનાં વાયર
- સ્ક્રુ ડ્રાઈવર
- પક્કડ
- હથોડી
- ગેસનું સિલિન્ડર
- રેગ્યુલેટર
- પાઈપ
- સાયકલ
- પંચર બનાવવાની સામગ્રી
- ઓઈલની કૂપી
- કાપડના ટુકડા
- સોય–દોરો
- બટન
- કાતર
- જૂના વસ્ત્રો
- ઈસ્ત્રી
- વીજળીની સુવિધા
- લાકડાના ટુકડા
- ખીલીઓ
- વિવિધ ઉપકરણો
- જૂના ટયુબ–બલ્બ
- હોલ્ડર
- પ્રેશરકુકર
- મિક્સરમશીન
- બાગાયતી ઓજારો

## કાર્યપદ્ધતિ :

### ૧.વીજળીના ફ્યૂઝ બાંધવાઃ

શાળામાં શિક્ષક દ્વારા વીજળીના જૂના ફ્યૂઝ લાવીને બાળકો સમક્ષ રજૂ કરવા. તેના વિવિધ ભાગોની માહિતી આપવી. તાંબાના વાયરનો ટૂકડો લઇ તેને કઇ રીતે બાંધવો, તેનું નિદર્શન કરવું, ફ્યૂઝ બાંધતા પહેલા મુખ્ય સ્વીચ બંધ કરવી અને ફ્યૂઝ બાંધ્યા પછી સાવચેતીપૂર્વક ફ્યૂઝ લગાડવો. આ રીતે નિદર્શન કર્યા બાદ ક્રમશઃ પ્રત્યેક બાળકોને વ્યક્તિગત રીતે આ કામ શીખવ્યું.

ઉદા. ઊડેલા ફ્યૂઝમાંથી તાંબાનો વાયર કાઢી ફ્યૂઝ બાંધ્યો.

### ૨. ગેસના સિલિન્ડર જોડવા :

શાળામાં શિક્ષકો દ્વારા ગેસનો સિલિન્ડર લાવીને મૂકવો. તેની સાથે જોડાણ કરવા રેગ્યુલેટર અને પાઇપ પણ લાવવા.શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ ગેસના સિલિન્ડરને રેગ્યુલેટરના જોડાણની પ્રક્રિયા નિદર્શન કરી સમજાવવું. શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને ગેસ સિલિન્ડર જોડવામાં કઈ કઈ બાબતોની સાવધાની રાખવી તેની સમજ આપવી અને બાળકો દ્વારા ગેસ સિલિન્ડર જોડવાનો મહાવરો કરાવવો.

ઉદા. એલ.પી.જી. સિલિન્ડરને રેગ્યુલેટર સાથે જોડ્યો.

### ૩.ગાજ-બટન ટાંકવા :

શાળામાં શિક્ષક દ્વારા કપડાના નકામાં ટૂકડાઓ ઉપર બટન કઇ રીતે ટાંકવું તેનું નિદર્શન રજૂ કરવું. તેમાં સૌ પ્રથમ સોયમાં દોરો પરોવવો અને બટન લગાવી ટાંકા લેવા. કપડાના ટૂકડા પર ગાજ બનાવવાનું નિદર્શન કરવું. અંતે બાળકો પાસેથી ગાજ-બટન કરવાનો મહાવરો કરાવવો.

ઉદા. વિદ્યાર્થીઓએ પોતાના શર્ટનું બટન ટાંક્યું.

### ૪.સાયકલની મરામત કરવી :

વિવિધ ઉપયોગમાં લેવાતી સાયકલને આ વિભાગ અંતર્ગત મૂકીને તેના વિવિધ ભાગોનું જોડાણ અને કાર્ય પ્રણાલીની સમજ શિક્ષક દ્વારા આપવામાં આવે. આ ઉપરાંત સાયકલમાં પંક્ચર પડ્યું હોય તો પંક્ચર બનાવવાની પ્રક્રિયાની શિક્ષક દ્વારા નિદર્શન રજૂ કરવું. ત્યારબાદ બાળકો દ્વારા સાયકલની મરામતનું કાર્ય અને પંક્ચર બનાવવાની પ્રક્રિયાનો મહાવરો કરાવવો.

ઉદા. ૧. ટાયરનું પંક્ચર બનાવતા શીખ્યા.

૨. સાયકલની ચેન ચઢાવતા શીખ્યા.

૩. સાયકલમાં હવા ભરતા શીખ્યા.

### ૫.કપડાને ઇસ્ત્રી કરવી :

શિક્ષકો દ્વારા સૌ પ્રથમ વિવિધ વસ્ત્રો જેવા કે પેન્ટ શર્ટ, ઝભ્ભો, સાડી, શાળા ગણવેશ, ડ્રેસ, ટાઇ વગેરેને કઇ રીતે ઇસ્ત્રી કરવી તેનું નિદર્શન રજૂ કરવું, ત્યારબાદ ઇસ્ત્રી કરતી વખતે કઇ કઇ બાબતોની કાળજી રાખવી તેની વિદ્યાર્થીઓને સમજ આપવી. ઇસ્ત્રીની પકડ, કપડાં પર ઇસ્ત્રી કરવાની પ્રક્રિયા, કાપડના પ્રકાર અનુસાર ઇસ્ત્રીનું તાપમાન કેટલું રાખવું વગેરે બાબતોનું નિદર્શન કરાવી સમજ આપવી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પોતાના શાળા ગણવેશ, વસ્ત્રો વગેરેને ઇસ્ત્રી કરવાનો મહાવરો કરાવવો.
ઉદા. વિદ્યાર્થીઓએ શાળા ગણવેશને ઇસ્ત્રી કરી.

### ૬.ખીલી-સ્ક્રૂ લગાડવા :

શાળામાં શિક્ષકો દ્વારા વર્ગખંડમાં રીપેરીંગ માગતી પાટલીઓ, દિવાલ પર ખીલી-સ્ક્રૂ લગાવવાની પ્રક્રિયાનું નિદર્શન કરાવવું. ત્યારબાદ બાળકોને હથોડીની પકડ, કેટલા પ્રમાણમાં બળ લગાડવું વગેરે બાબતોની સમજ આપવી. ખીલી-સ્ક્રૂ લગાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોની કાળજીની સમજ આપવી. ત્યારબાદ બાળકો સ્વપ્રયત્ને ખીલી-સ્ક્રૂ લગાડવાનો મહાવરો કરે.
ઉદા. વિદ્યાર્થીઓએ રીપેરીંગ માગતી પાટલી પર ખીલી-સ્ક્રૂ લગાડ્યા.

### ૭.બલ્બ, ટ્યૂબ લગાડવા :

શાળામાં શિક્ષક દ્વારા બાળકો સમક્ષ ઉડી ગયેલા બલ્બ, ટ્યૂબ કાઢી તેને સ્થાને નવા બલ્બ, ટ્યૂબ લગાવવાની પ્રક્રિયાનું નિદર્શન રજૂ થયું. ત્યારબાદ વિદ્યાર્થીઓ સ્વપ્રયત્ને ટેબલ પર ઊભા રહીને હોલ્ડરમાં ટ્યૂબ/બલ્બ લગાવે.
ઉદા. વિદ્યાર્થી પોતાના ઘરે બલ્બ લગાવે.

### ૮.બાગાયત કામ :

શાળા પરિસરમાં છોડના ક્યારા કરવા, તેમાં પાણીનું સિંચન કરવું, શાળા ઉદ્યાનમાં કેટલા પ્રમાણમાં પાણી આપવું, ખાતર કઇ રીતે આપવું વગેરે પ્રવૃત્તિઓ કરાવી, શાળામાં સ્વસ્થ જમીનનું નિર્માણ કરવા ખાડા ખોદવા, નકામા પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરતા શીખવ્યું. વિદ્યાર્થીઓ દ્વારા બાગાયતી કામનો મહાવરો કરાવ્યો.
ઉદા. વિદ્યાર્થીઓ શાળા બાગમાં પાણીનું સિંચન કરે.

### ૯.પ્રેશરકૂકર અને મિકસર મશીનનો ઉપયોગ કરતાં શીખવવું :

શાળામાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ પ્રેશરકૂકરને કેવી રીતે ખોલવું અને કેવી રીતે બંધ કરવું તેનું નિદર્શન રજૂ કર્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓને આ પ્રક્રિયાનો મહાવરો કરાવ્યો. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ મિક્સર મશીનના વિવિધ ભાગોની ઓળખ અને તેના ઉપયોગ કરવાની પક્રિયાનું નિદર્શન રજૂ કર્યું. ત્યારબાદ મિક્સર મશીનનો ઉપયોગ કરતી વખતે કઈ કઈ બાબતોની કાળજી રાખવી તેની સમજ આપી. અંતમાં વિદ્યાર્થીઓને સ્વપ્રયત્ને મિક્સર મશીનનો ઉપયોગ કરવાનો મહાવરો કરાવ્યો.
ઉદા. વિદ્યાર્થીઓ પોતાના ઘરે પ્રેશરકુકર અને મિક્સર મશીનનો ઉપયોગ કરે.

**ફલશ્રુતિ :**

1) વિદ્યાર્થીઓ ફ્યૂઝ બાંધતા શીખ્યા.
2) વિદ્યાર્થીઓ ફ્યુઝ બાંધતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોથી માહિતગાર થયાં.
3) વિદ્યાર્થીઓ ગેસ સિલિન્ડર જોડતાં શીખ્યા.
4) વિદ્યાર્થીઓ ગેસ સિલિન્ડર જોડવાની પ્રક્રિયામાં રાખવાની સાવધાનીથી અવગત થયાં.
5) વિદ્યાર્થીઓ પોતાના વસ્ત્રોમાં ગાજ-બટન ટાંકતા શીખ્યાં.
6) વિદ્યાર્થીઓ સાયકલની મરામત કરતા અને ટાયર પંચર બનાવતા શીખ્યાં.
7) વિદ્યાર્થીઓ પોતાના વસ્ત્રોને ઇસ્ત્રી કરતાં શીખ્યા.
8) વિદ્યાર્થીઓ એ ખીલી અને સ્ક્રૂ લગાડવાનું કૌશલ્ય કેળવ્યું.
9) વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના ઉપકરણો જેવા કે મોટર, ગીઝર વગેરેનો ઉપયોગ કરતાં શીખ્યાં.
10) વિદ્યાર્થીઓ બૂટ પોલીશ કરતાં શીખ્યાં.
11) વિદ્યાર્થીઓ બલ્બ–ટ્યુબ લગાવતા શીખ્યાં.
12) વિદ્યાર્થીઓ બાગાયત કૌશલ્ય કેળવી શીખ્યાં.
13) વિદ્યાર્થીઓ પ્રેશરકૂકર અને મિક્સર મશીનનો ઉપયોગ કરતાં શીખ્યા.
14) વિદ્યાર્થીઓ પ્રેશરકૂકર અને મિક્સર મશીનનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોની અવગત થયાં.
15) વિદ્યાર્થીઓ વિષયવસ્તુ દ્વારા મેળવેલ જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરતાં થયાં.
16) વિદ્યાર્થીઓ આત્મનિર્ભર બની શક્યાં.
17) વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં શ્રમનું મહત્વ સમજી શક્યાં.
18) વિદ્યાર્થીઓમાં વ્યવહારિક કાર્ય સૂઝ વિકસી.
19) વિદ્યાર્થીઓમાં જીવન ઉપયોગી કૌશલ્યનો વિકાસ થયો.

## વિભાગ –૩ સ્વજાગૃતિ, સ્વચ્છતા અને સુશોભન

### પ્રવૃત્તિ:

### ૧.સુશોભિત માટલી, આરતીની થાળી બનાવવી :

વેલવેટ કાપડને માટલીના માપનું કાપી ફેવીકોલથી ચોટાડવું ત્યાં સુંદર લાગે તે રીતે માટલી ઉપર લેસ લગાડી આભલાથી શણગારવી. પંચથી માટલીને ધીમે ધીમે ત્રણ કાણાં પાડવા અને તેને લેસ બાંધીને લટકાવવી. એક લાકડી લઇ તેના ઉપર મરૂન લેસ ચોટાડી તેના ઉપર સોનેરી લેસ લગાડીને શણગારી માટલીમાં વાંસળીની જેમ ગોઠવવી. આભલા, સતારા, ફૂલની પાંદડી, લેસ, બાંધણીનું કાપડ, કલર કરેલ લોટ વગેરે વસ્તુઓનો ઉપયોગ કરી વિવિધ આકૃતિઓ ઉપસાવી આરતી માટેની થાળી તૈયાર કરવી.
ઉદા. સુશોભિત માટલી બનાવી. આરતીની સુશોભિત થાળી તૈયાર કરવી.

### ૨.તોરણ અને વોલપીસ બનાવવા :

શાળામાં શિક્ષકો દ્વારા બાળકો સમક્ષ તોરણ અને વોલપીસ બનાવવાની પ્રવૃત્તિનું નિદર્શન કરાવ્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા ચોકલેટના પેપર, આસોપાલવના પાન, રંગીન કાગળ વગેરેને સોય દોરાથી પરોવીને સુંદર મજાના તોરણ બનાવ્યા. શિક્ષકો દ્વારા કાર્ડશીટ પર ચીટકકામ અને કાપડ પર ભરતકામ, ગૂંથણકામ કરી સુંદર મજાના વોલપીસ બનાવવા.
ઉદા. વિદ્યાર્થીઓએ આસોપાલવના પાનના તોરણ બનાવ્યા.

### ૩.કેશ ગૂંફન કરવું :

વિદ્યાર્થીનીઓએ શાળાની અન્ય બાળાઓને સુંદર રીતે સુશોભિત કરી કેશ ગૂંફનકર્યુ અને અન્ય બાળાઓને શીખવ્યું.

**૪.સલાડ ડેકોરેશન :**

શિક્ષકો બાળકોને કાચા શાકભાજી ખાવાના ફાયદાથી વાકેફ કરે. કાચા ખાઇ શકાય તેવા શાકભાજી જેમ કે ટમેટા, ગાજર, કાકડી, કોબી, પાલક, બીટ વગેરેને અલગ-અલગ આકારમાં કાપી સલાડ ડીશ તૈયાર કરવાનું નિદર્શન કર્યું, ત્યારબાદ બાળકોએ પોતાની જાતે વિવિધ સલાડ ડીશ તૈયાર કરી.
ઉદા. ઘરે બાળકો સલાડ ડીશ ડેકોરેશન કરે.

**ફલશ્રુતિ**

1) વિદ્યાર્થીઓ સુશોભિત માટલી બનાવતા શીખ્યા અને તેનો તહેવાર પ્રસંગે, શુભપ્રસંગે ઉપયોગ કરતા થયા.
2) વિદ્યાર્થીઓ કાર્ય કરવામાં સ્વચ્છતા, ચીવટતાના ગુણો કેળવી શક્યા.
3) વિદ્યાર્થીઓ વ્યસન મુક્તિ અભિયાનમાં જોડાય અને તેનાથી મુક્ત બની શકયા.
4) વિદ્યાર્થીઓ ડિઝાસ્ટર મેનેજમેન્ટ જાણી અને તેનો વ્યવહારમાં ઉપયોગ કરતાં શીખ્યા.
5) વિદ્યાર્થીઓ તોરણ અને વોલપીસ બનાવતા શીખ્યા.
6) વિદ્યાર્થીઓ સ્વચ્છતાના આગ્રહી બન્યા અને તે અંગેની સમજ કેળવી શક્યા.
7) વિદ્યાર્થીઓમાં સૌંદર્યદ્રષ્ટિ વિકસી.
8) વિદ્યાર્થીઓ ગૃહસુશોભન માટે સ્વનિર્મિત વસ્તુ બનાવતા શીખ્યા.
9) વિદ્યાર્થીનીઓ સુંદર રીતે કેશ ગૂંફન કરતાં શીખી.

## વિભાગ –૪: હળવાશની પળો

**પ્રવૃત્તિ:**

1) રમૂજી ટૂચકા અને કાર્ટૂન બનાવવા
2) બાળવાર્તા, હાસ્ય ક્લિપ્સ, નાટક, બાળગીતો, ફિલ્મ વગેરેનું કમ્પ્યુટર કે ટેલિવિઝન પર નિદર્શન કરાવવું.
3) બાળકો દ્વારા હાસ્ય નાટકો ભજવવા.
4) શિક્ષકો દ્વારા બાળવાર્તા, ગીત સંગીત. ટૂચકા સંભળાવવા.
5) મ્હોરા બનાવી પપેટ શો કરવો.
6) પુસ્તક વાંચન.
7) કાર્ટૂન બનાવવા, જોકર બનાવવા.
8) બાળકો દ્વારા જોક્સની રજૂઆત કરવી.
9) હાસ્ય દરબાર ભરવી.
10) મૂક અભિનય કરવો, ડાન્સ કરવો, ગીત-ભજન ગાવા.
11) હાસ્ય સંવાદ રજૂ કરવા.
12) અભિનય ગીતો.
13) વેશભૂષા.
14) બાળગીતો અને કાવ્યગાન

**હેતુઓ :**

1. વિદ્યાર્થીઓ રમુજી ટૂચકા કહે અને કાર્ટૂન બનાવે.
2. વિદ્યાર્થીઓ તણાવમુક્ત બને.
3. વિદ્યાર્થીઓ અધરા વિષયો હળવાશથી શીખે.
4. વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્તશક્તિઓને બહાર લાવવી.
5. વિદ્યાર્થીઓમાં સભાક્ષોભ દૂર થાય.
6. વિદ્યાર્થીઓમાં નાટક દ્વારા સંસ્કારનું ઘડતર કરવું.
7. વિદ્યાર્થીઓ સૂર, લય અને તાલબદ્ધતા સાથે ગીત ગાતા શીખે.
8. વિદ્યાર્થીઓ અભિનય કરવાનું કૌશલ્ય કેળવે.
9. વિદ્યાર્થીઓ આંગિક અભિનય કરતા શીખે.
10. વિદ્યાર્થીઓ નાટકનું કથાવસ્તુ આત્મસાત કરે.
11. વિદ્યાર્થીઓમાં નેતૃત્વ શક્તિનો વિકાસ થાય.
12. વિદ્યાર્થીઓ ટેકનોલોજીના ઉપકરણોનો યોગ્ય રીતે ઉપયોગ કરતાં શીખે.
13. વિદ્યાર્થીઓમાં કલ્પનાશક્તિ અને સ્મૃતિ શક્તિ વિકસે.

## સાધન સામગ્રી :

- જોક્સની ચોપડીઓ/પુસ્તિકાઓ
- સમાચાર પત્રો
- બાળ ભાસ્કર
- બાલ સંદેશા
- ઝગમગ વગેરે જેવી પૂર્તિઓ
- ચંપક
- ચાંદામામા
- બાળવિશ્વ જેવી પુસ્તિકાઓ
- બાળ સામયિકો
- હાસ્ય ક્લિપ્સ
- કાર્ટૂન
- કાગળ/કાપડના મ્હોરા
- પ્લાસ્ટિકનાં મ્હોરા
- હાસ્યની ઓડીયો
- વિડીયો સીડી
- કમ્પ્યૂટર
- ટેલીવિઝન
- ટેપ રેકોર્ડર
- સંગીતના સાધનો

## કાર્યપદ્ધતિ :

વિદ્યાર્થીઓએ સમાચાર પત્રોની ઉપયોગી પૂર્તિમાંથી આપેલ ચોક્કસ વિષય પર જોકસ એકત્ર કર્યા. ત્યારબાદ આ જોક્સને વિષયવસ્તુ સાથે સાંકળીને વિદ્યાર્થીઓ દ્વારા તેમના સહપાઠીઓ સમક્ષ રજૂ કર્યા. તદ્દઉપરાંત કમ્પ્યૂટર કે ટેલિવિઝન પર વિડીયો ક્લિપ્સ દ્વારા વાર્તા, હાસ્ય દરબાર, જોક્સ અને અભિનય ગીતનું નિદર્શન કરાવ્યું. ટેપરેકોર્ડરની મદદથી કાવ્યગાન અને બાળગીત સાંભળ્યા.

પાઠયપુસ્તકઆધારિત નાટક રજુ કરાવ્યું. કાર્ટૂન ચેનલ દ્વારા શાળામાં કાર્ટૂન ફિલ્મ બતાવ્યા જનજાગૃતિ સંદર્ભે બાળકો દ્વારા મૂક અભિનય કરાવ્યા. શિક્ષકશ્રીઓ દ્વારા બાળવાર્તા કહેવામાં આવી અને ત્યારબાદ બાળકો દ્વારા બાળવાર્તા કહેવામાં આવી.

ઉદા. પાઠ્યપુસ્તક આધારિત નાટક, ધોરણ ૭ જીવરામ ભટ્ટ

**ફલશ્રુતિ :**

1) વિદ્યાર્થીઓ રમુજી ટૂચકા કહેતા થયા અને કાર્ટૂન બનાવતા શીખ્યા.
2) વિદ્યાર્થીઓ તણાવમુક્ત બન્યા.
3) વિદ્યાર્થીઓ અઘરા વિષયો હળવાશથી શીખ્યા.
4) વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી શક્યા.
5) વિદ્યાર્થીઓમાં સભાક્ષોભ દૂર થયો.
6) વિદ્યાર્થીઓમાં નાટક દ્વારા સંસ્કારનું ઘડતર કરવામાં આવ્યું.
7) વિદ્યાર્થીઓ સૂર, લય અને તાલબદ્ધતા સાથે ગીત ગાતા શીખી શક્યા.
8) વિદ્યાર્થીઓ અભિનય કરવાનું કૌશલ્ય કેળવી શકયા.
9) વિદ્યાર્થીઓ આંગિક અભિનય કરતા શીખ્યા.
10) વિદ્યાર્થીઓમાં નેતૃત્વશક્તિઓ વિકાસ થયો.
11) વિદ્યાર્થીઓ નાટકનું કથાવસ્તુ આત્મસાત કરી શક્યા.
12) વિદ્યાર્થીઓ ટેક્નોલોજીના ઉપકરણોનો યોગ્ય ઉપયોગ કરતાં શીખ્યા.
13) વિદ્યાર્થીઓમાં કલ્પનાશક્તિ અને સ્મૃતિશક્તિ વિકસ્યા.

# વિભાગ –૫: સમુહજીવન અને બાલ પ્રદર્શન

## પ્રવૃત્તિ :

1) શાળામાં મેદાનની સ્વચ્છતા
2) શાળાના વૃક્ષોની જાળવણી
3) વર્ગ સુશોભનકાર્ય
4) TLM પ્રદર્શન
5) સાંસ્કૃતિક કાર્યક્રમ
6) શૈક્ષણિક સાધનો, પુસ્તકો, આભૂષણો, શંખ અને છીપલા, ભરતગૂંથણ વગેરેપ્રદર્શનો
7) કારીગરોના ઓજાર પ્રદર્શન
8) શાકભાજી, ફળફૂલ, વાહનના ચિત્રોનું પ્રદર્શન
9) સંગીત અને રસોઇના સાધનોનું પ્રદર્શન

## હેતુઓ :

1) વિદ્યાર્થીઓમાં સમૂહજીવનની ભાવના ખીલે.
2) વિદ્યાર્થીઓમાં વિવિધ વસ્તુઓનો સંગ્રહ કરવાનો શોખ કેળવાય.
3) વિદ્યાર્થીઓની અવલોકન શક્તિઓ વિકાસ થાય.
4) વિદ્યાર્થીઓમાં સહકાર અને સહાનુભૂતિ જેવા ગુણો વિકસે.
5) વિદ્યાર્થીઓમાં વિશ્વબંધુત્વની ભાવનાનો વિકાસ થાય.
6) વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય.
7) વિદ્યાર્થીઓમાં સંગીત પ્રત્યે વિશેષ રૂચી જાગે,

**સાધન સામગ્રી:**

- નાની સાવરણી
- મોટા ઝાડુ
- ગેરુ
- ચૂનો
- ચિત્રોના નમૂના
- સંગીતના સાધનો
- ફળફૂલના નમૂના
- તોરણો
- વિવિધ TLM
- પોષાક
- આભૂષણો
- રસોઇના સાધનો
- વિવિધ ચાર્ટો
- પુસ્તકો
- સોય
- દોરો
- કલર કરવાના બ્રશ
- શંખ
- છીપલા
- વિવિધ મ્હોરા
- અલગ-અલગ વ્યવસાય આધારિત વિવિધ ઓજારો વગેરે.

### કાર્યપદ્ધતિ :

#### ૧.શાળામાં મેદાનની સ્વચ્છતા :

શાળામાં શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓની વિવિધ ટુકડી બનાવી દરેક ટુકડીને સફાઇ અંગેનું માર્ગદર્શન અને સૂચના આપી. ત્યાર પછી બાળકોએ કરેલ સફાઇનું મૂલ્યાંકન કર્યું.

#### ૨.શાળામાં વૃક્ષોની જાળવણી :

શાળામાં શિક્ષક દ્વારા પરિસરમાં ઉછરેલ તમામ વૃક્ષોની યાદી તૈયાર કરી. ત્યારબાદ એક વૃક્ષની જવાબદારી બે વિદ્યાર્થીઓને સોંપી. જેમ કે તેને પાણી પાવવું. તેની ફરતે વાડ કરવી.તેની માવજત કરવી વગેરે. ત્યારબાદ મોટા વૃક્ષોને ઉધઇ ન લગે તે માટે ચૂનો અને ગેરૂ વડે સુશોભિત કર્યા.

#### ૩.વર્ગ સુશોભન કાર્ય :

જે તે વર્ગખંડની સુશોભન કરવાની સામગ્રી શિક્ષકશ્રી અથવા આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓની મદદથી તૈયાર કરાવી, જેમ કે, કાગળના તોરણો, ચોકલેટના રેપરના તોરણો, વિવિધ વૃક્ષોના પાનના તોરણો, રંગીન કાગળમાંથી રંગીન ફૂલો બનાવવા વગેરે પ્રવૃત્તિ કરાવી વર્ગને વિદ્યાર્થીઓની મદદથી સુશોભિત કર્યા.

#### ૪.શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન :

શિક્ષક દ્વારા જે તે વિષય સાથે સુસંગત શૈક્ષણિક સાધનોની યાદી તૈયાર કરવી ત્યારબાદ આચાર્યશ્રી તેમજ એસ.એમ.સી.ના સહયોગથી રો-મટિરીયલ્સ લાવવું અને વિદ્યાર્થીઓની મદદથી તેઓને સાથે રાખી વિવિધ શૈક્ષણિક સાધનો તૈયાર કર્યાં.

દા.ત. પ્લાસ્ટીકની બોટલમાંથી થર્મોસ બનાવવું વગેરે,

#### ૫.કારીગરોના ઓજાર પ્રદર્શન :

વિદ્યાર્થીઓ ગામમાં વસતા વિવિધ કારીગરોની સમજ મેળવે તે હેતુસર શિક્ષકશ્રીએ વિદ્યાર્થીઓને સાથે લઇ ગામમાં વસતા વિવિધ કારીગરો જેવા કે કડિયો, લુહાર, મોચી, વાળંદ, ખેડૂત, વેપારી વગેરેના ઓજારોનું પ્રદર્શન ગોઠવવા વિવિધ કારીગરોની સહાય લીધી.

## ૬. શાકભાજી, ફળફૂલ અને વાહનોના ચિત્રોનું પ્રદર્શન :

શિક્ષકશ્રીએ શાળામાં વિદ્યાર્થીઓ પાસે વિવિધ ફૂલો અને ફળોના ચિત્રો બનાવડાવ્યા, માટીમાંથી તેના વિવિધ નમૂનાઓ તૈયાર કરાવડાવ્યા અને બજારમાંથી મળતા તૈયાર ચાર્ટની મદદથી શાળા કક્ષાએ વિદ્યાર્થીઓએ વિવિધ શાકભાજી, ફળ, ફૂલ અને વાહનોના ચિત્રો લાવી પ્રદર્શન ગોઠવ્યા.

## ૭.સંગીતના અને રસોઇના સાધનોનું પ્રદર્શન :

શાળામાં પ્રાર્થના અને બાલસભા દરમિયાન શિક્ષક તેમજ આચાર્યએ વિવિધ સંગીતના સાધનોનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરે તે હેતુસર સંગીતના અને રસોઇના વિવિધ સાધનોનું પ્રદર્શન ગોઠવી શક્યા. રસોઇ બનાવવા માટેની સામગ્રીથી વિદ્યાર્થીઓ પરિચિત થાય તેથી આવા પ્રદર્શન શાળા કક્ષાએ ગોઠવવા.

## ૮.સાંસ્કૃતિક કાર્યક્રમ :

શાળામાં વિદ્યાર્થીઓ શરમ સંકોચ ન રાખતા ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લે તે હેતુસર શાળા કક્ષાએ વિવિધ પ્રવૃત્તિ કરાવી. રાસ, ગરબા, નાટક, એકપાત્રીય અભિનય, મૂક અભિનય, મિમિક્રી, વકતૃત્વ, લેખન વગેરેની શિક્ષશ્રીઓ દ્વારા આદર્શ નમૂના રજૂ કરી વિદ્યાર્થીઓને જે તે ક્ષેત્રો માટે વિશેષ તૈયારી કરાવી શક્યા.

## ૯.પુસ્તકો, શંખ, છિપલા, આભૂષણો, ગૂંથણ પ્રદર્શન યોજવું.

શાળામાં વિદ્યાર્થીઓ પુસ્તકોનો સદ્ઉપયોગ કરે તે માટે વિવિધ જ્ઞાનસભર પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવું. ગામની સ્ત્રીઓ પાસેથી આભૂષણો લાવી એકદિવસીય પ્રદર્શન ગોઠવી શક્યા. હાથરૂમાલમાં ભરતગૂંથણ, તોરણ વગેરેની તાલીમ આપી તેનું પ્રદર્શન કરાવી શક્યા. નદી કિનારાની રેતીમાંથી છિપલા અને શંખને એકત્ર કરી શાળા કક્ષાએ પ્રદર્શન ગોઠવી શકાય.

**ફલશ્રુતિ :**

1) વિદ્યાર્થીઓમાં સમૂહજીવનની ભાવનાનો વિકાસ થયો.

2) વિદ્યાર્થીઓમાં વિવિધ વસ્તુઓનો સંગ્રહ કરવાની દૃષ્ટિનો વિકાસ થયેલો જોવા મળ્યો. જેમાં છીપલા, શંખ, આભૂષણો, અવશેષો, પીંછા વગેરે.

3) વિદ્યાર્થીઓમાં પર્યાવરણની સુરક્ષા કરવાનો ગુણ વિકસ્યો હતો.

4) વિદ્યાર્થીઓની વિવિધ બાબતો,ઘટનાઓ,વસ્તુઓમાં અવલોકન કરવાની શક્તિનો વિકાસ જોવા મળ્યો.

5) વિદ્યાર્થીઓમાં સ્વજાગૃતિ જોવા મળી, પોતે સ્વચ્છતાના પાઠ શીખ્યા હતા.

6) અભ્યાસ કરવા માટે પોતે બનાવેલા શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરતા થયા.

7) વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક અને સભાસંબોધનના કાર્યક્રમમાં ભાગ લેવા માટે આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો.

8) વિદ્યાર્થીઓ ખેતીના ઓજાર, વિવિધ વ્યવસાયો કરતા વ્યવસાયકારોથી પરિચિત થયા હતા.

9) વિદ્યાર્થીઓમાં સંગીત પ્રત્યે વિશેષ રૂચી જન્મી હતી.

10) વિવિધ પ્રદર્શનો દ્વારા વિદ્યાર્થીઓએ પોતાના શબ્દ ભંડોળ અને જ્ઞાનમાં વધારો કર્યો હતો.

# સર્જનાત્મક પ્રવૃતિઓ












શ્રી સુલતાનપુર પ્રાથમિક શાળા
વસ્તુ બોક્સ

# રંગોળી















# આનંદમેળો , ફૂડ-સ્ટોલ












શ્રી જાલી પ્રાથમિ
તાલુકો : વાંકાનેર. જિ. મોર
શાળા પરિવાર આપનું હાર્દિક સ્વાગ





# ફ્યૂઝ બાંધવા









# પંચર રીપેરીંગ









# ખીલી ઠોકવી, કુકરનું ઢાંકણ બંધ કરવું






# હેર સ્ટાઇલ, બ્યુટી પાર્લર









# ભરત ગૂંથણ





# મહેંદી મુકવી
















# સલાડ ડેકોરેશન, ડિશ ડેકોરેશન











- ડેકોરેશન





# વેશભૂષા





# અન્ય પ્રવૃતિઓ










GPS Map Camera
Sultanpur, Gujarat, भारत
QV98+CH6, GJ SH 31, Sultanpur, Gujarat 365470, भारत
Lat 21.768756°
Long 70.866313°
27/07/24 09:09 AM GMT +05:30
Google




FIRE






# પ્રતિભાવો


લાઈફસ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ સદર્ભે આવશ્યક સાધનસામગ્રી પૂરી પાડવામાં આવે છે.

30 responses





બી.આર.સી., સી.આર.સી., નિરીક્ષકો, ડાયેટ દ્વારા લાઈફસ્કીલ બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે.

30 responses





લાઈફસ્કીલ બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

30 responses




લાઈફસ્કીલ બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે.

30 responses





લાઈફસ્કીલ બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે.

30 responses





લાઈફસ્કીલ બાળમેળા સંદર્ભે સૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે.

30 responses




લાઈફસ્કીલ બાળમેળા દ્વારા બાળકો સ્વયંસ્ફૂરણાથી કાર્ય કરવા પ્રેરાય છે.

30 responses





લાઈફસ્કીલ બાળમેળાની પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં સર્જનાત્મક્તા વધુ સારી રીતે ખીલવી શકાય છે.

30 responses





લાઈફસ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે.


30 responses




લાઈફસ્કીલ બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.
30 responses




લાઈફસ્કીલ બાળમેળામાં એસ.એમ.સી.ના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે.
30 responses





લાઈફસ્કીલ બાળમેળા દરમ્યાન શિક્ષકો તથા વિધાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલ છે.
30 responses




લાઈફસ્કીલ બાળમેળાની એક દિવસની સમયમર્યાદા શાળા કક્ષાએ વધારવી જોઈએ.

30 responses





લાઈફસ્કીલ બાળમેળા દરમ્યાન વિદ્યાર્થીઓ – શિક્ષકો - શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો.

29 responses




સમગ્રતયા લાઇફસ્કીલ બાળમેળાનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો.

30 responses



ક્રમાંક:જશભ/WE/2024/2505-2548
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ત્રિકોણ બાગ પાસે, રાજકોટ - 360001.
ફોન/ફેક્સ:-(0281) 2242140
E-mail: dietrajkot1@gmail.com
Web: www.dietrajkot.org
તા. 16/05/2024

પ્રતિ
બી.આર.સી.સી. / યુ.આર.સી.સી. તમામ
જિલ્લો: રાજકોટ, મોરબી અને રાજકોટ MSB

વિષય: બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી માટે શાળાની સંખ્યા મોકલવા બાબત.

સંદર્ભ: જીસીઇઆરટી- ગાંધીનગરના પત્રકમાંક : જીસીઇઆરટી/તાલીમ/બાળમેળા/2024-25/10837-47 તા. 14/05/2024

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020મા ભલામણ કરી છે કે કલા ક્વીઝ, રમત ગમત અને વ્યાસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે. જે અન્વયે જીસીઇઆરટી- ગાંધીનગરના સંદર્ભપત્રમાં જણાવ્યા મુજબ વર્ષ : 2024-2025 માં તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળમેળા અને લાઈફસ્કીલ મેળાનું આયોજન શાળા ખૂલ્યાના પ્રથમ સપ્તાહમાં કરવાનું થશે. શાળાઓને બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી કરવા માટે જીસીઇઆરટી- ગાંધીનગરએ જણાવેલ પત્રક મુજબની આ સાથે સામેલ Excel sheetમાં આપના તાલુકા/ઝોનની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ (જિલ્લા પંચાયત, મહાનગર-નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કેજીબીવી અને મોડેલ સ્કૂલ) ની સંખ્યા સોફ્ટ કોપીમાં તારીખ : 24/05/2024 સુધીમાં બિનચૂક મોકલશો.

(ડૉ. એસ. એન. મહેતા)
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ

બીડાણ : 1. સંદર્ભ દર્શિત પત્રની નકલ
2. સંખ્યાની માહિતીનું પત્રક - Excel sheet

નકલ સવિનય રવાના :

- પ્રતિ, નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર
- પ્રતિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ. રાજકોટ અને મોરબી
- પ્રતિ, શાસનાધિકારીશ્રી, રાજકોટ, ઉપલેટા અને જેતપુર
- TPEOશ્રી તમામ, જિ. રાજકોટ અને મોરબી

ક્રમાંકઃજશભ/WE/2024/2587
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ત્રિકોણ બાગ પાસે, રાજકોટ - 360001.
ફોન/ફેક્સઃ-(0281) 2242140
E-mail: dietrajkot1@gmail.com
Web: www.dietrajkot.org
તા. 23/05/2024

પ્રતિ,
સચિવશ્રી,
જીસીઈઆરટી, ગાંધીનગર

વિષય: બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી માટે શાળાની સંખ્યા મોકલવા બાબત.
સંદર્ભ: જીસીઇઆરટી-ગાંધીનગરના પત્રકમાંક : જીસીઇઆરટી/તાલીમ/બાળમેળા/2024-25/10837-47 તા. 14/05/2024

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શાળાઓને બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી કરવા માટે જીસીઇઆરટી- ગાંધીનગરએ જણાવેલ પત્રક મુજબ રાજકોટ અને મોરબી બંને જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યાની માહિતી નીચે મુજબ છે. આ માહિતી સોફ્ટ કોપીમાં Excel sheetમાં પણ આ સામેલ રાખી મોકલેલ છે, જે આપશ્રીને વિદિત થવા સારૂ.

કોષ્ટક – 1 (રાજકોટ જિલ્લો)

| જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-રાજકોટ | | | | | જિલ્લો : રાજકોટ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| No | વિદ્યાર્થીઓની સંખ્યા | જિલ્લા પંચાયત | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ | મહાનગર પ્રાથમિક શિક્ષણ સમિતિ | કે.જી. બી.વી. | આશ્રમ શાળા | મોડેલ સ્કૂલ | કુલ |
| 1 | 1 થી 100 | 302 | 2 | 8 | 1 | 1 | 1 | **315** |
| 2 | 101 થી 200 | 353 | 7 | 25 | 0 | 7 | 0 | **392** |
| 3 | 201 થી 400 | 172 | 12 | 28 | 0 | 0 | 0 | **212** |
| 4 | 401 થી 600 | 21 | 0 | 19 | 0 | 0 | 0 | **40** |
| 5 | 601 થી 800 | 2 | 0 | 6 | 0 | 0 | 0 | **8** |
| 6 | 801 થી 1000 | 0 | 0 | 7 | 0 | 0 | 0 | **7** |
| 7 | 1001 થી વધુ | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** |
| કુલ | | **850** | **21** | **93** | **1** | **8** | **1** | **974** |

કોષ્ટક – 2 (મોરબી જિલ્લો)

| જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-રાજકોટ | | | | | જિલ્લો : મોરબી | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| No | વિદ્યાર્થીઓની સંખ્યા | જિલ્લા પંચાયત | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ | મહાનગર પ્રાથમિક શિક્ષણ સમિતિ | કે.જી. બી.વી. | આશ્રમ શાળા | મોડેલ સ્કૂલ | કુલ |
| 1 | 1 થી 100 | 222 | 0 | 0 | 5 | 0 | 3 | **230** |
| 2 | 101 થી 200 | 189 | 0 | 0 | 0 | 1 | 0 | **190** |
| 3 | 201 થી 400 | 137 | 0 | 0 | 0 | 0 | 0 | **137** |
| 4 | 401 થી 600 | 33 | 0 | 0 | 0 | 0 | 0 | **33** |
| 5 | 601 થી 800 | 3 | 0 | 0 | 0 | 0 | 0 | **3** |
| 6 | 801 થી 1000 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** |
| 7 | 1001 થી વધુ | 1 | 0 | 0 | 0 | 0 | 0 | **1** |
| કુલ | | **585** | **0** | **0** | **5** | **1** | **3** | **594** |

(ડૉ. એસ. એન. મહેતા)
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ

બીડાણ : સંખ્યાની માહિતીનું પત્રક - Excel sheet

**નકલ સવિનય રવાના :**

- પ્રતિ, નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર
- પ્રતિ, રીડરશ્રી, તાલીમ શાખા, જીસીઈઆરટી, ગાંધીનગર

ક્રમાંક: જશભ/WE/2024/2964-2989
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ત્રિકોણ બાગ પાસે, રાજકોટ - 360001.
ફોન/ફેક્સ:-(0281) 2242140
E-mail: dietrajkot1@gmail.com
Web: www.dietrajkot.org
તા. 22/07/2024

પ્રતિ
બી.આર.સી.સી. / યુ.આર.સી.સી. તમામ
જિલ્લો: **મોરબી**

વિષય: 1. બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ના આયોજન અમલીકરણ બાબત.
2. બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 અન્વયે શાળાઓને ગ્રાન્ટ ફાળવણી બાબત.
સંદર્ભ: જીસીઇઆરટી-ગાંધીનગરના પત્રક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/2024-25/14538-648 તા. 15/07/2024

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020મા ભલામણ કરી છે કે કલા ક્વીઝ, રમત ગમત અને વ્યાસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ બેગલેસ દિવસના ભાગ સ્વરૂપે તમામ શાળાઓમાં બાલવાટિકા થી ધો. 5 ના વિધાર્થીઓ માટે એક દિવસ બાળમેળા અને ધોરણ 6 થી 8 ના વિધાર્થીઓ માટે એક દિવસ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાનું થાય છે.

જીસીઇઆરટી – ગાંધીનગર સંદર્ભ પત્ર - 1 દ્વારા બાલવાટિકા અને ધોરણ: 1 થી 5 ના વિદ્યાર્થીઓ માટે બાળમેળા અને ધોરણ: 6થી 8ના વિધાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારિત મેળાનું આયોજન કરવા માટે વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, જે અન્વયે આપના તાલુકા/ઝોનની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, મહાનગર-નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કેજીબીવી અને મોડેલ સ્કૂલમાં બાલવાટિકા અને ધો. 1 થી 5 ના બાળકો માટે બાળમેળા તારીખ: 27/7/2024 ના રોજ અને ધોરણ: 6 થી 8 ના બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન તારીખ: 03/8/2024 ના કરવાનું રહેશે, જેની તમામ શાળાઓને જાણ કરશો. શાળાઓએ બાળમેળા અને લાઇફ સ્કીલ યોજવા માટે નીચેની માર્ગદર્શક બાબતોને ધ્યાને લેવી.

માર્ગદર્શક બાબતો :

➢ **બાળમેળાના મુખ્ય હેતુઓ**

- વિધાર્થીઓ વિવિધ આનંદદાયી પ્રવૃત્તિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
- વિધાર્થીઓમાં સહકાર નેતૃત્વ લોકશાહીની ભાવના સાહસિકતા વગેરની ખિલવણી થાય.
- વિધાર્થીઓમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસે.
- વિદ્યાર્થીઓમાં જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય.
- વિધાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓ બહાર આવે વિદ્યાર્થીઓની મનોસામાજિક માવજત થાય.

➢ **લાઇફસ્કીલ મેળાના મુખ્ય હેતુઓ**

- વિદ્યાર્થીઓ રોજિંદા જીવનના પડકારોને હકારાત્મકથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતને કુશળતાપૂવર્ક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરી શકે.

1

- જીવનકૌશલ્યો થકી વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને ખોલવી તેમના વ્યક્તિત્વની સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ, સફળ, સુખમય અને શાંતિમય જીવન જીવતા શીખે.
- વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનું વાસ્તવિક જીવન સાથે અનુબંધ જોડાશે તેમજ વધુ ઉન્નત અને બહેતર જીવન જીવવા તૈયાર થાય.
- પોતાના રોજિંદા જીવનમાં નાના – મોટા પ્રશ્નો જાતે હલ કરવાથી સ્વાવલંબી બને.
- શાળા અને સમાજ વચ્ચેનો નાતો વધુ વિકસે.

  - ➢ બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા પૂર્વે શિક્ષકે જે તે પ્રવૃત્તિનું નિદર્શન કરાવવાનું રહેશે. શાળાએ બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા દરમિયાન દરેક બાળક ભાગ લઇ શકે તે રીતે જુદા જુદા ગ્રુપમાં રોટેશન મુજબ આયોજન કરવાનું રહેશે.
  - ➢ બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ અહીં આપવામાં આવેલ છે. આ સિવાયની પ્રવૃત્તિઓ પણ ઉમેરી શકાશે.

(૧) બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓ

| કક્ષા | ધોરણ | બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃતિઓ |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા | બાલવાટિકા અને 1 થી 5 | બાળવાર્તા, બાળવાર્તા આધારિત નાટક માટીકામ, છાપકામ, કાતરકામ, ચીટકકામ, ચિત્રકામ, ગડીકામ, રંગપૂરણી, કાગળકામ, બાળ રમતો, એક મિનિટ, પઝલ્સ, હાસ્ય દરબાર, ગીત-સંગીત,અભિનય પપેટ-શો, ગણિત- ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના સાદા પ્રયોગો, વેશભૂષા વગેરે પ્રવૃત્તિઓ યોજી શકાશે |

(૨) લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓ

| કક્ષા | ધોરણ | લાઇફ સ્કીલ મેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃતિઓ |
|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6થી 8 | ફ્યુઝ બાંધવો, સ્ક્રૂ લગાવવો. કૂકર બંધ કરવું, ખિલ્લી લગાવવી, ટાયરનું પંચર રીપેર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતા નુકસાનની સમજ હાથ ઉપર મહેંદી લગાવવી, વેસ્ટમાંથી બેસ્ટ બનાવવું. રંગોળી બનાવવી, મહેંદી મૂકવી, સુશોભન કરવું વગેરે જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ કરી શકાય.<br>શાળા અને સમાજનું જોડાણ વધે તે હેતુસર ધ્વજવંદન માટેની પ્રવિધિનો સ્ટોલ, મેટ્રિકમેલા અંતર્ગત આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવીકે આનંદમેળા, વસ્તુસામગ્રી વેચાણ સ્ટોલ, વ્યવહારમાં ગણિતનો ઉપયોગ વધે તે હેતુસર બાળકોના વજન-ઉચાઇ માપવી, સર્વાંગી શિક્ષણના પાઠ્યપુસ્તકમાં શા.શિ.ના એકમોમાં આપેલા મેદાનના માપ મુજબ મેદાન દોરાવવાની પ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિઓ યોજી શકાશે. |

આ ઉપરાંત બાળમેળા અને લાઇફસ્કીલ મેળા બનેમાં 'ટોક શો' ની પ્રવૃત્તિનો સમાવેશ કરવાનો રહેશે. 'ટોક શો' ની પ્રવૃત્તિમાં નીચે આપેલ નમૂનાના વિષયો રાખી શકાશે. (આ વિષયો માત્ર ઉદાહરણ સ્વરૂપે આપેલ છે તેમાં આપના અનુભવ દ્વારા બાળમેળા અને લાઇફસ્કીલ મેળા આધારિત વિષયો ઉમેરી શકાશે)

1) મારા સપનાનું ભારત 2) મારી શાળા મારા વિચારો 3) પર્યાવરણ બચાવો દેશ બચાવો
4) મારી સામાજિક ફરજ 5) સ્વાસ્થ્ય અને સુખાકારી 6) ટ્રાફિક અવેરનેશ
7) પોષણક્ષમ ખોરાકનો સ્વીકાર 8) મારી સલામતી સહુની સલામતી 9) આપણો સાંકૃતિક વારસો
10) આપણા ઉત્સવો 11 ) ઈન્ટરનેટ અને ટેક્નોલોજી : આશીર્વાદ કે અભિશાપ
12) એક ભારત શ્રેષ્ઠ ભારત 13) મારું કૌશલ્ય મારું ભવિષ્ય

2

- બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 અન્વયે શાળાઓને ગ્રાન્ટ ફાળવણી

જીસીઇઆરટી – ગાંધીનગર સંદર્ભ પત્ર – 1 દ્વારા બાલવાટિકા થી ધોરણ: 5 ના વિદ્યાર્થીઓ માટે બાળમેળા અને ધોરણ: 6થી 8ના વિધાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારિત મેળાનું આયોજન કરવા માટે વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલી છે. આ વર્ષ માટે બાળમેળા અને લાઈફસ્કીલ બાળમેળાની કુલ ગ્રાંટ શાળામાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના આધારે નીચે મુજબ ફાળવવામાં આવેલ છે.

| No | શાળામાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા (તમામ ધોરણો સહિતની કુલ સંખ્યા ) | શાળા દીઠ ગ્રાન્ટ રકમ રૂપિયા |
|---|---|---|
| 1 | 1 થી 100 | 840 |
| 2 | 101 થી 200 | 1040 |
| 3 | 201 થી 400 | 1240 |
| 4 | 401 થી 600 | 1430 |
| 5 | 601 થી 800 | 1630 |
| 6 | 801 થી 1000 | 1830 |
| 7 | 1001 થી વધુ | 2230 |

- ➢ શાળાઓને તેમના SMC Edu ખાતામાં ગ્રાન્ટ ચુકવણી કરવા માટે તારીખ : 19.07.2024 નાં રોજ આપને આપના તાલુકા/ઝોનની તમામ શાળાઓના બેંક એકાઉન્ટ નંબરની વિગતની એક્સેલ ફાઈલ મોકલવામાં આવેલ હતી. જેમાં તમામ વિગતોની ખરાઈ કરી શાળાવાર વિદ્યાર્થીની સંખ્યા (ડાયેટ – રાજકોટના તારીખ : 16/05/2024 ના પત્ર દ્વારા માંગવામાં આવેલ માહિતી અનુસાર) ઉમેરી આપે માહિતી પરત મોકલેલી માહિતી મુજબ તમામ શાળાઓને ઓનલાઇન ગ્રાન્ટ ફાળવવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. તાલુકાવાર ફાળવવામાં આવેલ ગ્રાન્ટની એકંદર પત્રક આ સાથે સામેલ છે.
- ➢ શાળાઓએ સદર ગ્રાન્ટનો ઉપયોગ શાળામાં બાળમેળા અને લાઈફસ્કીલ બાળમેળાના હેતુ માટે જ કરવાનો રહેશે. શાળાએ ગ્રાન્ટ મળ્યાની પહોંચ તથા ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર આપવાનું રહેશે.
- ➢ દરેક સી.આર.સી.સી.એ તેમના ક્લસ્ટરની તમામ શાળા પાસેથી શાળાને ગ્રાન્ટ મળ્યાની પહોંચ તથા ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. દરેક આચાર્યની સહી સાથેનું સી.આર.સી.નું એકંદર ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર તાલુકા બી.આર.સી.સી.ને જમા કરાવવાનું રહેશે.
- ➢ તાલુકા/ઝોનનું એકંદર ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર અને તાલુકા/ઝોનના તમામ ક્લસ્ટરના એકંદર ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર બાળમેળા પૂર્ણ થયેથી મોડામાં મોડા તારીખ : 14/08/2024 સુધીમાં ડાયેટ - રાજકોટને જમા કરાવવાના રહેશે.

## બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025નું ડોક્યુમેન્ટેશન અને મોનીટરીંગ :

- દરેક શાળાએ બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા દરમિયાન બાળકો વિવિધ પ્રવૃત્તિઓ કરતા હોય તેના ફોટોગ્રાફ્સ અને વિડીયો ક્લીપ બનાવવાની રહેશે.
- તાલુકામાં બાળમેળા અને લાઇફ સ્કીલ મેળા યોજાઇ ગયા બાદ તેનું ડોક્યુમેન્ટ (ગુજરાતી શ્રુતિ ફોન્ટ સાઇઝ-૧૨) અને ડોક્યુમેન્ટરી વિડીયો તૈયાર સોફ્ટકોપીમાં ડાયેટ-રાજકોટને જમા કરાવવાના રહેશે.
- તાલુકાના ડોક્યુમેન્ટમા નીચે જણાવેલ મુદ્દાઓ સમાવિષ્ટ કરવાના રહેશે.
  1. પ્રસ્તાવના
  2. મુખ્ય હેતુઓ
  3. કાર્યક્રમ દરમ્યાન શાળાઓ દ્વારા કરેલ વિવિધ પ્રવૃત્તિઓ
  4. બાળકો પ્રવૃત્તિઓ કરતા હોય તેવા ફોટોગ્રાફ્સ
  5. બાળકોના પ્રતિભાવ અને વાલીઓના પ્રતિભાવ, SMC ના સભ્યોના પ્રતિભાવ તથા મોનીટરીંગ ટીમના પ્રતિભાવ

3

- દરેક તાલુકા/ઝોનમાંથી એક શાળાની બાળમેળાની અને એક શાળાની લાઈફસ્કીલ મેળા દરમિયાન થતી પ્રવૃત્તિની વિડીયો ડોક્યુમેન્ટ પણ તૈયાર કરાવી ડાયેટને જમા કરાવવાની રહેશે.
- શાળાઓમાં બાળમેળા અને લાઈફસ્કીલ મેળા દરમિયાન થતી પ્રવૃત્તિનું મોનીટરીંગ અને મૂલ્યાંકન માટે ડાયેટ વ્યાખ્યાતાશ્રીઓ, TPEOશ્રી, બી.આર.સી.સી. / યુ.આર.સી.સી., સી.આર.સી.સી., બી.આર.પી. SMC ના સભ્યોના વગેરે દ્વારા શાળાની મુલાકાત લેવામાં આવશે.
- બાળમેળા અને લાઈફસ્કીલ મેળાનું ઓનલાઈન મોનીટરીંગ ફોર્મની લીંક ઈમેઈલમાં અને QR કોડ આ સાથે સામેલ છે, આવાનાર મુલાકાતી દ્વારા આ ફોર્મ ભરાય એ શાળાના આચાર્યએ સુનિશ્ચિત કરવું.

બાળમેળા મોનીટરીંગ ફોર્મ
મોરબી જિલ્લો

લાઈફસ્કીલ મેળા મોનીટરીંગ ફોર્મ
મોરબી જિલ્લો

(ડૉ. એસ. એન. મહેતા)
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ

બીડાણ : 1. શાળાઓને ફાળવવામાં આવેલ ગ્રાન્ટનું તાલુકા/ઝોનનું એકંદર પત્રક, મોરબી
2. સંદર્ભદર્શિત પત્રની નકલ
3. શાળાને ગ્રાન્ટ મળ્યાની પહોંચ તથા ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્રનો નમૂનો
4. સી.આર.સી.અને તાલુકાનું એકંદર ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્રનો નમૂનો

**નકલ સવિનય રવાના :**

- પ્રતિ, નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર
- પ્રતિ, સચિવશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર
- પ્રતિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ. મોરબી

**નકલ રવાના જાણ તથા બાળમેળા અને લાઈફસ્કીલ મેળાના મોનીટરીંગ કરવા સારૂ:**

- સિ. લેક્ચરરશ્રી અને લેક્ચરરશ્રી, તમામ, સદર કચેરી
- TPEOશ્રી તમામ, જિ. મોરબી

4

**સમય મર્યાદા**

ક્રમાંક:જશભ/WE/2024/2864-904
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ત્રિકોણ બાગ પાસે, રાજકોટ - 360001.
ફોન/ફેક્સ:-(0281) 2242140
E-mail: dietrajkot1@gmail.com
Web: www.dietrajkot.org
તા. 18/07/2024

પ્રતિ, બી.આર.સી.સી. / યુ.આર.સી.સી. તમામ
જિલ્લો: રાજકોટ, મોરબી અને રાજકોટ MSB

વિષય: બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી માટે શાળાની બેંક એકાઉન્ટની વિગત ચકાસણી કરવા તેમજ શાળાની સામે વિદ્યાર્થીની સંખ્યા લખી પરત મોકલવા બાબત.

સંદર્ભ: 1. જીસીઇઆરટી-ગાંધીનગરના પત્રકમાંક : જીસીઈઆરટી/તાલીમ 2024-25/14538-648 તા. 15/07/2024

2. ડાયેટ- રાજકોટના પત્રકમાંક : જશભ/WE/2024/2505-48 તા. 16/05/2024

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જીસીઇઆરટી- ગાંધીનગરના સંદર્ભપત્ર -1 મુજબ તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં તારીખ : 27, જુલાઈ 2024 ના રોજ બાળમેળા અને તારીખ : 03, ઓગસ્ટ 2024 ના રોજ લાઈફસ્કીલ મેળાનું આયોજન કરવાનું થાય છે, જેનો વિગતવાર પત્ર કરવામાં આવશે. તાલુકાવાર વિદ્યાર્થીની સંખ્યા આધારિત શાળાની માહિતી આપે અગાઉ મોકલેલ છે (સંદર્ભપત્ર -2 દ્વારા માગવામાં આવેલ) તે સંખ્યા મુજબ જ જીસીઇઆરટી-ગાંધીનગર દ્વારા બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી થઇ છે જે બાબત ધ્યાને લેશો. શાળાઓને ગ્રાન્ટ ફાળવવા માટે આપના તાલુકાની શાળાઓની બેંક ડિટેઈલ સાથેની એક્સેલ ફાઈલ આ સાથે મોકલાવેલ છે. નીચેની સૂચનાઓને ધ્યાને લઇ આપના તાલુકાની તમામ શાળાની <u>ખરાઈ કરેલ એક્સેલ ફાઈલની સોફ્ટ કોપી તારીખ : **20/07/2024** સુધીમાં બિનચૂક ઈ-મેઈલથી પરત મોકલશો</u>.

સૂચના :

1. આ પત્ર સાથે દરેક તાલુકાની એક્સેલ ફાઈલ મોકલાવેલ જેમાં શાળાના નામ, ખાતા નંબર, બેંક, બ્રાંચ, ધોરણ તમામ વિગતોની ચકાસણી કરવી
2. શાળાના નામ, ખાતા નંબર, બેંક, બ્રાંચ, ધોરણની વિગતોમાં જો કોઈ સુધારો હોઈ તો જૂની વિગત દૂર કરી સુધારેલ વિગત લખવી અને તેને લાલ રંગથી હાઈલાઈટ કરવું. સુધારો કર્યો હોય તે શાળાની સામે રિમાર્ક્સના ખાનામાં <u>"સુધારો"</u> લખવું. જો કોઈ શાળા બંધ થઈ ગઈ હોય તો તે શાળાની રો લાલ રંગથી હાઈલાઈટ કરી રિમાર્ક્સના ખાનામાં <u>**"Delete"**</u> લખવું. જો કોઈ શાળા નવી ઉમેરવાની હોય તો સૌથી નીચે ઉમેરી રિમાર્ક્સના ખાનામાં <u>**"New"**</u> લખવું.
3. તાલુકાવાર વિદ્યાર્થીની સંખ્યા આધારિત શાળાની માહિતી આપે અગાઉ મોકલેલ છે (સંદર્ભપત્ર -2 દ્વારા માગવામાં આવેલ). તે સ્થિતિ મુજબ દરેક શાળા સામે વિદ્યાર્થીની સંખ્યાના ખાનામાં સંખ્યા અંગ્રેજી અંકમાં લખવી.
4. તાલુકાવાર વિદ્યાર્થીની સંખ્યા મુજબ શાળાની સંખ્યા અને તે મુજબ મળવાપાત્ર ગ્રાન્ટનું વિગતવાર પત્રક આ સાથે સામેલ છે. આપના તાલુકાની એસ્કેલ શીટમાં ગ્રાન્ટની રકમનો ટોટલ કરી આ પત્રક સાથે તાળો મેળવી લેશો. જો કોઈ ફેરફાર હોઈ તો જાણ કરશો.

(ડૉ. એસ. એન. મહેતા)
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ

બીડાણ : 1. સંદર્ભ દર્શિત પત્ર – 1ની નકલ

2. તાલુકાવાર શાળાની બેંક ડિટેઈલની Excel sheet સોફ્ટ કોપી

3. તાલુકાવાર મળવાપાત્ર ગ્રાન્ટનું વિગતવાર પત્રક

નકલ સવિનય રવાના :

- પ્રતિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ. રાજકોટ અને મોરબી
- પ્રતિ, શાસનાધિકારીશ્રી, રાજકોટ, ઉપલેટા અને જેતપુર
- TPEOશ્રી તમામ, જિ. રાજકોટ અને મોરબી

### જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-રાજકોટ

### બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળા 2024 -25

### વિદ્યાર્થીની સંખ્યાના આધારે શાળાઓની માહિતી
### જિલ્લો : મોરબી

| No | તાલુકા | વિદ્યાર્થીની સંખ્યાના આધારે કુલ શાળાઓ | | | | | | | | | | | | | | તાલુકા દીઠ શાળાની કુલ સંખ્યા | કુલ ગ્રાન્ટ રકમ રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 to 100 | | 101 to 200 | | 201 to 400 | | 401 to 600 | | 601 to 800 | | 801 to 1000 | | 1001 to વધુ | | | |
| | | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 840 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1040 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1240 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1430 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1630 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1830 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 2230 | | |
| 1 | મોરબી | 75 | 63000 | 47 | 48880 | 40 | 49600 | 13 | 18590 | 1 | 1630 | 0 | 0 | 0 | 0 | 176 | 181700 |
| 2 | ટંકારા | 22 | 18480 | 26 | 27040 | 10 | 12400 | 1 | 1430 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 59 | 59350 |
| 3 | વાંકાનેર | 47 | 39480 | 62 | 64480 | 50 | 62000 | 2 | 2860 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 161 | 168820 |
| 4 | હળવદ | 37 | 31080 | 36 | 37440 | 31 | 38440 | 13 | 18590 | 2 | 3260 | 0 | 0 | 1 | 2230 | 120 | 131040 |
| 5 | માળીયા | 49 | 41160 | 19 | 19760 | 6 | 7440 | 4 | 5720 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 78 | 74080 |
| *કુલ* | | ***230*** | ***193200*** | ***190*** | ***197600*** | ***137*** | ***169880*** | ***33*** | ***47190*** | ***3*** | ***4890*** | ***0*** | ***0*** | ***1*** | ***2230*** | ***594*** | ***614990*** |